www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Wednesday 23 May 2018 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

### INSTRUCTIONS TO CANDIDATES

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the barcodes.

### INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2018 [H/500/8403]
KI 137620/5
OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**કેવિનની જીત**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**
**નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

**અ)** કોણે શું કર્યું?

| શિક્ષક | | કેવિન | |
|---|---|---|---|
| | | | |

૧ હરીફાઈઓ જીતી.

૨ સાધનો આપ્યા.

૩ અરીસા સામે જોઈને બોલ્યો.

૪ શબ્દોનો ઉચ્ચાર સુધાર્યો.

૫ બાગકામ કર્યું.

૬ મુદ્દાસર બોલવાનું શીખવાડ્યું. **[૪]**

**બ)** **સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

ક) નિશાળમાં કેવિને ભણવાની સાથે ...............

૧ સાફસફાઈ કરી. ☐

૨ અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ☐

૩ તેના શિક્ષકને મદદ કરી. ☐

© OCR 2018

www.xtrapapers.com



ખ) કેવિનને ..............

૧ અંધારાનો ભય લાગતો. ☐

૨ પરીક્ષામાં અસફળ થવાની બીક લાગતી. ☐

૩ લોકોની સામે બોલતાં ડર લાગતો. ☐

ગ) કેવિન વિચારતો કે ..............

૧ લોકો તેની મશ્કરી કરશે. ☐

૨ તે ઇનામ નહીં જીતે. ☐

૩ તેના મિત્રો તેને છોડી દેશે. ☐

ઘ) આથી કેવિને ..............

૧ વજન ઉતારવાનું નક્કી કર્યું. ☐

૨ નિશાળ છોડવાનો વિચાર કર્યો. ☐

૩ ખામી દૂર કરવાનો નિર્ણય લીધો. ☐

ચ) કેવિનની ઇચ્છા હતી કે તે ..............

૧ સંગીતકાર બને. ☐

૨ સારો ભાષણકાર બને. ☐

૩ પ્રખ્યાત બને. ☐

© OCR 2018

www.xtrapapers.com



છ) તે માટે કેવિને ...............

૧ વ્યાખ્યાનોનું રેકોર્ડિંગ સાંભળ્યું. ☐

૨ રેડિયો પર મુલાકાત આપી. ☐

૩ ટેલિવિઝન પર સમાચાર જોયા. ☐

જ) કેવિને લાંબા સમય સુધી ...............

૧ અન્ય લોકોની નકલ કરી. ☐

૨ બોલવાનો મહાવરો રાખ્યો. ☐

૩ મિત્રો સાથે ચર્ચા કરી. ☐

ઝ) આખરે કેવિને ...............

૧ વાહન ચલાવવાનો પરવાનો મેળવ્યો. ☐

૨ નોકરી મેળવી. ☐

૩ પોતાના ડર પર જીત મેળવી. ☐

[૮]

© OCR 2018

www.xtrapapers.com



સવાલ ૨: શ્રવણ [૧૩ ગુણ]

રમકડાં

**ટેલિવિઝન પર દસ્તાવેજી અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| આનંદ | ઈર્ષા | ઉંમર | ઊંચાઈ | કપડાં |
| કાચા | કુતૂહલ | ક્ષમા | ગંદા | જાતિ |
| ટેલિવિઝન | ડાહ્યા | ત્વચા | દયાભાવ | દોસ્ત |
| પરિચય | પ્રખ્યાત | બચત | બુદ્ધિ | ભાવનાઓ |
| ભૂખ | ભોજન | મફત | માપ | મોંઘા |
| લેવડદેવડ | વજન | સફાઈ | સસ્તા | સંબંધીઓ |
| સુંવાળા | હિંમત | | | |

બાળકોના સહુથી પહેલાં (૧).............................. હોય છે તેમનાં રમકડાં. તેના દ્વારા બાળકો પોતાની (૨)..............................જણાવે છે. જુદા જુદા રંગો, (૩)......................... , આકારો તથા અવાજો કરતાં રમકડાં તેમને ખુશી આપે છે. તેમાં પણ નરમ અને (૪)....................... રમકડાં બહુ (૫).......................હોય છે. આપણને આંખ, (૬)......................... , તેમજ શ્રવણ દ્વારા આજુબાજુની દુનિયાનો (૭)..................... કરાવતાં આવા રમકડાં પણ વખત જતાં બદલાય છે. સામાન્ય રીતે છોકરાઓ તથા છોકરીઓ તેમની (૮)...................... મુજબ અલગ રમકડાંથી રમતાં હોય છે. લાકડાં, ધાતુ અને પ્લાસ્ટિકથી બનેલાં પારંપારિક તથા આધુનિક રમકડાંથી બાળકોનું (૯)........................તથા કલ્પનાશક્તિ વધે છે. તેમની (૧૦)...................વિકસે છે તથા મનોરંજન પણ મળે છે. તે ઉપરાંત રમકડાંની (૧૧) ......................કરતી વખતે બાળકો શીખે છે કે બધાંની સાથે હળી મળીને કેવી રીતે રમવું તથા રહેવું. તેઓ સહાનુભૂતિ, (૧૨)....................... તથા બહાદુરી જેવા સંસ્કારો પણ કેળવે જે તેમને તેમની (૧૩)..........................વધતાં ઘણા ઉપયોગી બની શકે છે.

© OCR 2018

www.xtrapapers.com



**Task 3: Listening** **[15 marks]**

**Neha's blog**

**Listen to the conversation between Neha and her father about her blog and answer the following questions IN ENGLISH.**

**(a)** Why did Neha want to write a blog?

............................................................................................................................................ **[1]**

**(b)** How would Neha ensure that her blog attracts young people? Give **three** details.

**(i)** ............................................................................................................................ **[1]**

**(ii)** ............................................................................................................................ **[1]**

**(iii)** ............................................................................................................................ **[1]**

**(c)** According to Neha, what issues are facing our society at present? Give **two** details.

**(i)** ............................................................................................................................ **[1]**

**(ii)** ............................................................................................................................ **[1]**

**(d)** How would Neha ensure that her blogs are authentic and trustworthy?

**(i)** ............................................................................................................................ **[1]**

**(ii)** ............................................................................................................................ **[1]**

**(e)** What personal gain is Neha anticipating by writing a blog? Give **two** details.

**(i)** ............................................................................................................................ **[1]**

**(ii)** ............................................................................................................................ **[1]**

**(f)** How did Neha's father maintain confidentiality when communicating with young people? Give **two** details.

**(i)** ............................................................................................................................ **[1]**

**(ii)** ............................................................................................................................ **[1]**

© OCR 2018

www.xtrapapers.com



**(g)** What does Neha's father think about today's young generation?

**(i)** .................................................................................................................................... **[1]**

**(ii)** .................................................................................................................................... **[1]**

**(h)** According to Neha's father, how can Neha prove that she is a responsible citizen?

.................................................................................................................................... **[1]**

© OCR 2018

www.xtrapapers.com



**Task 4: Writing**

**Your cousin wants to send an e-mail to the Chief Medical Officer of a hospital in Gujarat. He/she has written the e-mail in English and has asked you to put it into Gujarati.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

- I am doing research on the lifestyle of the Gujarati community.
- I would like to find out about the patients who have been admitted to your hospital because of inappropriate life choices.
- I also want to meet the medical staff there.
- I am planning to come there next month.
- I would be grateful if you could send me this information urgently.

© OCR 2018

www.xtrapapers.com



માનનીય ....................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

.......................................................................................................................................................................................

...........................ના વંદન

**[Section A Total: 60 marks]**

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

<u>કામ</u>

**મયંક:** મિત્રો હવેથી મારા શનિવાર અને રવિવાર અત્યંત વ્યસ્ત રહેશે કારણકે મને આ દિવસો દરમ્યાન થોડા કલાકો માટેનું કામ મળી ગયું છે. આમ તો એ સ્વૈચ્છિક કામ છે, પરંતુ મને આ પ્રકારે મહેનતનું કામ કરવાનું બહુ જ ગમે. હું એક ધર્માદા સંસ્થાની દુકાનમાં કામ કરીશ જ્યાં લોકોએ દાનમાં આપેલી વસ્તુઓ વેચવામાં આવે છે. આ કામ કરવાથી મારા સમયનો તો સદ્ઉપયોગ થશે જ, સાથે સાથે મને કામનો ઘણો અનુભવ પણ મળશે જેને કારણે મને ભવિષ્યમાં સારું કામ પણ મળી શકશે. મારા પિતાજી હંમેશાં કહે છે કે લોકસેવા એટલે પ્રભુસેવા.

**જીયા:** આમ તો વિવિધ ક્ષેત્રોમાં કે સ્થાનોમાં આ પ્રકારે સેવા કરી શકાય પણ હું તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાઈ વિવિધ દેશોમાં જઈ ત્યાંના બાળકોને લખતા-વાંચતા શીખવાડવાનું કાર્ય કરવા ઇચ્છું છું. આમ કરવાથી મારી શક્તિઓનો પણ વિકાસ થશે. મને નવું નવું જાણવા મળશે તેમજ વિદેશ પ્રવાસની તક મળશે. મેં તો સાંભળ્યું છે કે આવી પ્રવૃત્તિઓને વિશ્વવિદ્યાલયો તેમજ રોજગાર આપનારી સંસ્થાઓ બહુ સન્માન આપે છે. એટલે જ્યારે હું ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમ માટે અરજી કરું ત્યારે મને ફાયદો થશે. આમ સ્વાર્થ અને પરમાર્થ બન્ને સધાશે.

**અબ્દુલ:** સાચું કહું ને તો હું તો આપકમાઈમાં માનું. એટલે મેં તો નક્કી જ કરી લીધું છે કે હું તો મારા ઘરની નજીક આવેલી છાપાંની દુકાનમાં રોજ સવારે કામ કરવાનો છું. મારે રોજ સવારે લોકોના ઘરોમાં અખબારો પહોંચાડવાના રહેશે. મારા સવારના સમયનો સારો ઉપયોગ પણ થશે તેમજ મને ખિસ્સા ખરચી પૂરતા નાણાં પણ મળશે. એટલે મારે કોઈની સામે હાથ લાંબો કરવો નહીં પડે. હું નિયમિત બનીશ તેમજ મારી આવકમાંથી હું દાન પણ કરી શકીશ.

**તેજસ:** મારે તો અંગૂઠાછાપ પણ નથી રહેવું અને સ્વાવલંબી પણ બનવું છે, એટલે હું તો "એપ્રેન્ટિસશીપ" નામની યોજનામાં જોડાઈશ. તે યોજના હેઠળ અઠવાડિયાના અમુક દિવસો દરમ્યાન હું અભ્યાસ કરીશ અને બાકીના દિવસો દરમ્યાન કામ કરીને વેતન પણ મેળવીશ. આ યોજનામાં રોજગાર આપતી મોટી મોટી સંસ્થાઓ જોડાય છે એટલે શક્ય છે કે મને તે કામની જગ્યાએ જ કાયમી નોકરી મળી જાય. આજકાલ તો એવા લોકોને રોજગાર આપવાનું પસંદ કરવામાં આવે છે કે જેમને કામનો થોડો ઘણો અનુભવ હોય. આથી થોડા કલાકોનું કામ કરવાથી મારી આવડતો વધશે જે મને ભવિષ્યમાં બહુ જ ઉપયોગી નીવડશે. હું તો માનું છું કે આપણી મહેનતની કમાઈ તો બહુ મીઠી લાગે છે.

**સૌમ્યા:** કામ આપણને સન્માન અપાવે છે ભલે તે સ્વૈચ્છિક હોય કે વેતન આપતું. કામનો અનુભવ મેળવવાની સાથે આપણે નવી નવી શક્તિઓનો વિકાસ કરી શકીએ છીએ. તે ઉપરાંત વિવિધ વ્યક્તિઓનો પરિચય થાય છે તેમજ આત્મવિશ્વાસ વધે છે અને આપણને આત્મસંતોષ થાય છે. આપણું ભવિષ્ય આપણાં જ હાથમાં છે અન્યના હાથમાં નહીં.

© OCR 2018

www.xtrapapers.com



સવાલ ૫ (અ)

દરેક વાક્ય કોને લાગુ પડે છે?

દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો.

[૧૦ ગુણ]

| સવાલ | | મયંક | જીયા | તેજસ | અબ્દુલ | સૌમ્યા |
|---|---|---|---|---|---|---|
| દાખલો | સ્વયંસેવા અલગ અલગ જગ્યાઓમાં કરી શકાય છે. | | ✓ | | | |
| ક | પરોપકાર માટે કરવામાં આવેલું કાર્ય પુણ્યનું કામ ગણાય. | | | | | |
| ખ | વિદેશપ્રવાસ વધારે આકર્ષક લાગે છે. | | | | | |
| ગ | ઐચ્છિક સેવા પ્રવૃત્તિઓનો આદર થાય છે. | | | | | |
| ઘ | કામના અનુભવથી ભવિષ્યમાં સારો કામધંધો શક્ય બને છે. | | | | | |
| ચ | સમયસર કાર્ય પૂરું કરવાની શક્તિ વધે છે. | | | | | |
| છ | પોતાના પગ પર ઊભા રહેવા ઇચ્છે છે. | | | | | |
| જ | પોતાની જાત પરનો ભરોસો મજબૂત થાય છે. | | | | | |

© OCR 2018

www.xtrapapers.com



સવાલ ૫ (બ)

નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ અથવા શબ્દસમૂહ શોધી ખાલી જગ્યા પૂરો. [૧૦ ગુણ]

| | | | | |
|---|---|---|---|---|
| અપેક્ષા | આળસ | ઉત્તમ વપરાશ | કરજ | કામ |
| કૌશલ્ય | જુલમ | દુર્વ્યય | નગર | નોકરી |
| પરિશ્રમ | પ્રતિષ્ઠા | બચત | બદલાવ | શૈક્ષણિક ઉપાધિ |
| શ્રદ્ધા | સફળતા | સમૃદ્ધિ | સુરક્ષા | સ્વતંત્રતા |

પોતાની ઇચ્છા નાણાંની (૧).........................રાખ્યા વગર કરવામાં આવતા કાર્યનો મહિમા બહુ મોટો છે. લોકોની જિંદગીમાં યોગ્ય (૨).........................લાવતી વખતે વ્યક્તિ પોતે પણ ઘણું બધું શીખે છે, જેમ કે સમયનો (૩)........................., પોતાનું (૪).........................વિકસાવવું, કંઈક કરી છૂટ્યાનો આનંદ તથા પોતાની જાત પર (૫)......................... .

તે ઉપરાંત ક્યારેક પરદેશમાં પણ ઐચ્છિક કાર્યો કરવાની શક્યતા હોય છે. વ્યક્તિને (૬).........................નો અનુભવ પણ પ્રાપ્ત થાય છે. આવી પ્રવૃત્તિઓને સમાજમાં બહુ (૭)......................... મળતી હોવાથી આગળ જતાં સારી (૮)......................... મેળવવાની સંભાવનાઓ વધે છે. શિક્ષણની સાથે પગાર લઈને કરવામાં આવતાં કામો વ્યક્તિને (૯).........................આપે છે. (૧૦).........................કરીને વ્યક્તિ પોતાનું માન જાળવી શકે છે.

© OCR 2018

www.xtrapapers.com



**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં લખો.**

[૨૦ ગુણ માહિતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**કુટુંબવૃક્ષ**

શિવાની જ્યારથી ભારતમાં પોતાના વયોવૃદ્ધ દાદીને મળીને આવી હતી ત્યારથી તેના મનમાં પોતાના પરિવાર અને જ્ઞાતિ વિશે જાણવાની બહુ જ તાલાવેલી હતી. ભારતની આઝાદીની લડતમાં શહીદ થયેલા તેના પૂર્વજોની દંતકથાઓ દાદી પાસેથી સાંભળીને તથા ઠેરઠેર તેમના વિવિધ પ્રકારના સ્મારકો જોઈને શિવાની છક્ક થઈ ગઈ હતી. દાદીને હંમેશાં બહુ અફસોસ થતો કે કુટુંબના પૂર્વજો વિશેની બીજી કોઈ સ્મૃતિ તેમની પાસે ન હતી. એટલા માટે શિવાની પોતાના પરિવાર માટે એવું કંઈક કરવા ઇચ્છતી હતી જેની યાદ કાયમી રહે અને દાદીને ખૂબ જ પ્રસન્નતા આપે. તે માટે પોતાના કુળના વડવાઓ વિશે વધુ જાણવું બહુ જરૂરી હતું. શિવાનીની આ ધગશ જોઈને તેના માતા–પિતા બહુ જ રાજી થયા. તેમણે શિવાનીને પરિવાર વિશેની હતી તેટલી બધી જ માહિતી આપી. પિતાજી તો દૃઢપણે માનતા કે દરેકે પોતાના કુટુંબની પરંપરા સાચવી રાખવા માટે પોતાના કુટુંબના ઇતિહાસ વિશે જાણવું જ જોઈએ.

શિવાનીએ તો ભારત અને અન્ય દેશોમાં વસતા પોતાના કુટુંબ તેમજ જાતિના વડીલો સાથે રૂબરૂ, ટપાલ અને ફોન દ્વારા માહિતી મેળવવી શરૂ કરી. ભારતીય હાય કમિશ્નરને પત્રો લખી ગાંધીજીના ભાષણોના રેકોર્ડિંગ્સ તેમજ પોતાના વડવાઓનાં ફોટાઓ મેળવ્યાં. પુસ્તકાલયોમાં જઈ ભારતની આઝાદીની લડતને લગતાં જૂનાં છાપાંઓનાં અહેવાલો મેળવ્યાં. સોશિઅલ નેટવર્કીંગ સાઇટ પર સંદેશાઓ મૂકી લોકોને પોતાના આ કાર્યની જાણ કરી. આથી માહિતીઓનો તો જાણે ધોધ વહેવા લાગ્યો!

આ સમય દરમ્યાન શિવાનીએ જાણ્યું કે તેના વડવાઓએ સામાજિક ક્ષેત્રે સુધારાઓ લાવવા માટે કેટલી બધી મહેનત કરી હતી. બાલ વિવાહ જેવા કુરિવાજોને તેમના પ્રદેશમાંથી કાયમ માટે બંધ કરાવ્યા હતા. સ્ત્રી શિક્ષણ તથા વિધવા વિવાહને પ્રોત્સાહન આપ્યું હતું. તેના પરદાદાએ પોતે એક વિધવા સાથે લગ્ન કર્યાં હતાં અને ગામમાં કન્યાશાળા બંધાવી હતી. તે ઉપરાંત તેઓ પોતાના ઘરની ઓસરીમાં રોજ હરિજનોની સાથે બેસીને ભોજન કરતાં. એ પ્રથાને હવે શિવાનીના દાદીએ પણ કાયમ રાખી હતી. આજે પણ ગામની નવી વહુવારુઓ સહુથી પહેલાં દાદીને પગે લાગવા આવે. ગામવાસીઓના ખેતરોના પ્રથમ પાકની ગુણી દાદીના આંગણે ઉતરે અને મંદિરમાં સહુથી પહેલી પૂજા પણ કાયમ દાદીના હાથે જ થાય.

શિવાનીએ પછી તો પોતે એકઠી કરેલી માહિતીમાંથી પોતાનું એક કુટુંબવૃક્ષ ખાસ દાદી માટે બનાવડાવ્યું. તેમજ દરેક પિત્રાઈઓને તે કુટુંબવૃક્ષની નકલ ઇન્ટરનેટ દ્વારા મોકલી આપી જેથી પરિવારના નવા સભ્યોને ભવિષ્યમાં ઉમેરી શકાય. તેણે વડીલો સાથેની વાતચીતો તથા લખાણોનું ગુજરાતી તેમજ અંગ્રેજીમાં ભાષાંતર કરાવ્યું અને પુસ્તક બનાવ્યું. તેમજ તે ભાષાંતરનું શ્રવણ કરી શકાય તેવી સીડીઓ બનાવી પરિવારજનોને આપી. નવી ડિજિટલ ટેક્નોલોજીની મદદથી પૂર્વજોના ફોટાંઓને સાચવ્યાં. ભારત પાછા જઈ શિવાનીએ દાદી અને સહુ ગામવાસીઓને સમગ્ર કાર્યની ફિલ્મ બતાવી. સહુ ભાવવિભોર બની ગયા. પોતાનું કુટુંબવૃક્ષ જોઈ દાદીની આંખો હરખથી છલકાઈ ઊઠી. પૂર્વજોનો વારસો સચવાયો અને તેના સમગ્ર પરિવારને પોતાની સાચી આગવી ઓળખ મળી.

© OCR 2018

www.xtrapapers.com



(ક) શિવાનીના પૂર્વજોનો ભૂતકાળ ભવ્ય હતો એ બતાવતી <u>**બે**</u> વિગતો આપો.

(૧) .................................................................................................................................... [૧]

(૨) .................................................................................................................................... [૧]

(ખ) શા કારણે દાદીને બહુ દુ:ખ થતું?

(૧) .................................................................................................................................... [૧]

(ગ) પિતાજીની કઈ માન્યતા હતી? શા માટે?

..........................................................................................................................................

.................................................................................................................................... [૧]

(ઘ) માતા-પિતા કઈ રીતે શિવાનીને મદદરૂપ થયા?

.................................................................................................................................... [૧]

(ચ) શિવાનીએ પોતાના પૂર્વજો વિશે વધારે જાણવા માટે ક્યા પગલાં લીધાં? <u>**ચાર**</u> વિગતો આપો.

(૧) .................................................................................................................................... [૧]

(૨) .................................................................................................................................... [૧]

(૩) .................................................................................................................................... [૧]

(૪) .................................................................................................................................... [૧]

(છ) આપણે ક્યા આધારે કહી શકીએ કે શિવાનીના પરદાદાએ સમાજ સુધારાઓને પ્રોત્સાહન આપ્યું હતું? <u>**ત્રણ**</u> વિગતો આપો.

(૧) .................................................................................................................................... [૧]

(૨) .................................................................................................................................... [૧]

(૩) .................................................................................................................................... [૧]

© OCR 2018

www.xtrapapers.com



(જ) શિવાનીના દાદી હજી પણ ગામમાં આદરણીય હતા તે જણાવતી **ત્રણ** વિગતો જણાવો.

(૧) ........................................................................................................................[૧]

(૨) ........................................................................................................................[૧]

(૩) ........................................................................................................................[૧]

(ઝ) શિવાનીએ પોતાના પૂર્વજોની યાદોને કઈ રીતે અમર બનાવી? **ચાર** વિગતો આપો.

(૧) ........................................................................................................................[૧]

(૨) ........................................................................................................................[૧]

(૩) ........................................................................................................................[૧]

(૪) ........................................................................................................................[૧]

(ટ) શિવાનીને પોતાની આગવી ઓળખ કેવી રીતે મળી?

..............................................................................................................................[૧]

© OCR 2018

www.xtrapapers.com



**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના જવાબ પોતાના શબ્દોમાં લખવા જોઈએ.**

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**
**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**
**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**
**[કુલ: ૫૦ ગુણ]**

**દાન**

૧. સમીર દાનનો મહિમા સમજે છે. ધનદાન કરવાની તેની ક્ષમતા નથી પણ તેના માતા હંમેશા કહે છે કે રક્ત દાન કે અવયવ દાન કરીને કોઈનો જીવ બચાવવો એ સહુથી મોટું પુણ્યનું કામ છે. જ્યારે દર્દીને યોગ્ય પ્રકારનું લોહી કે શરીરનું અંગ જો સમયસર મળે તો તેનું જીવન બચી જાય. તેના પરિવારજનો હાશકારો અનુભવે છે તથા અસંખ્ય આશીર્વાદ આપે છે. સમીર અત્યારે તો પોતે નીરોગી છે પણ કોને ખબર કાલે ઊઠીને તેને પોતાને કે તેના પરિવાર અથવા તેના કોઈ મિત્રને આવી મદદની જરૂર પડે. એટલે જ તે નિયમિત રક્તદાન કરે છે. એટલું જ નહીં, તેણે પોતાના માતા-પિતા સાથે ચર્ચા કર્યા બાદ પોતાના અવયવોનું દાન કરવાનું પણ નક્કી કરી લીધું છે. તેને લાગે છે કે અન્ય સમાજોની સરખામણીમાં એશિયન સમાજમાં અવયવોનું દાન કરવાવાળા ઓછા હોવાથી આવા અંગોની જરૂરિયાતવાળા એશિયન લોકોને યોગ્ય સારવાર મળી શકતી નથી. તેને કારણે તેઓનું જીવન ટૂંકાય છે.

૨. જ્યારે મોના રક્તદાન કરવામાં નથી માનતી કારણકે તેના મતે લોહી બનાવતાં શરીરને વાર લાગે છે, તો તેને સહેલાઈથી દાનમાં કેવી રીતે આપી દેવાય? તેમજ જો કોઈ વ્યક્તિનું લોહી લેવા માટે વપરાયેલા ઇન્જેક્શનની સોયનો ઉપયોગ તેના શરીરમાંથી લોહી લેવા માટે કરવામાં આવે તો તે પણ રોગનો ભોગ બની શકે. તેની એક સખી આ જ રીતે બિમારીમાં સપડાઈ છે. વળી તેને એ વાતનો ભય પણ સતાવે છે કે તેના શરીરમાંથી જો એક અંગ ઓછું થઈ જશે તો તે અધૂરી ગણાશે અને ભવિષ્યમાં તેને જ તકલીફ પડશે. તેમજ પોતાના આરોગ્યને જોખમમાં નાખતા અને શરીરના અવયવોને હાથે કરીને બગાડતા લોકો પ્રત્યે તેને જરા પણ સહાનુભૂતિ નથી. તેમ છતાં તાત્કાલિક લોહી કે અવયવની જરૂરિયાતવાળા બિમાર બાળકોને જોઈને મોનાનું હ્રદય જરૂર પીગળે છે, પણ તે વિચારે છે કે દુનિયામાં એવા ઘણા લોકો છે જેઓ નાણાં લઈને પોતાનું લોહી કે પોતાના અવયવો વેચતા હોય છે એટલે જો તે દાતા ન બને તો કોઈ જ ફરક નથી પડવાનો.

**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

રક્તદાન તથા અવયવોના દાન વિશે યુવાન લોકોના વિચારો તમારા પોતાના શબ્દોમાં લખો.

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.**

"રક્તદાન તથા અવયવ દાનનો આધાર લોકોની પોતાની માન્યતાઓ સાથે સંબંધ ધરાવે છે." તમે આ વાત સાથે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

© OCR 2018

www.xtrapapers.com



સવાલ ૭.

અ. **તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

રક્તદાન તથા અવયવોના દાન વિશે યુવાન લોકોના વિચારો તમારા પોતાના શબ્દોમાં લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

© OCR 2018

www.xtrapapers.com



સવાલ ૭

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.**

"રક્તદાન તથા અવયવ દાનનો આધાર લોકોની પોતાની માન્યતાઓ સાથે સંબંધ ધરાવે છે." તમે આ વાત સાથે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

**[Section B Total: 100 marks]**

© OCR 2018

**END OF QUESTION PAPER**

www.xtrapapers.com



## ADDITIONAL ANSWER SPACE

If additional space is required, you should use the following lined page(s). The question number(s) must be clearly shown in the margin(s).

© OCR 2018

